## –:: આંક–૧ ચાર્જેશીટ નીચે હુકમ ::–

(૧) ચાર્જશીટ તેમજ તે લગત કેસ પેપર્સ વંચાણે લીધા, પ્રસ્તુત કેસમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના આધારે આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા –૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબના ગુનાઓ સબબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૯૩ મુજબનો રીપોર્ટ (ચાર્જશીટ) કરવામા આવેલ છે. ચાર્જશીટ ફોજદારી રજીસ્ટરે દાખલ કરવામા આવેલ પરંતુ આરોપીને સમન્સ કાઢવામા આવેલ નથી.

(૨) ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબનો ગુન્હો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ના પ્રથમ શીડયુલ મુજબ કોન્ગીઝેબલ ગુન્હો છે પરતું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૧૫ વંચાણે લેતા તેમાં બી.એન.એસ. ની કલમ–૨૦૬ થી કલમ ૨૨૩ હેઠળના ગુનાઓમા સંબંધીત રાજય સેવક / અધીકારી કે વહીવટ હેતુઓ માટે તેઓની નીચેના રાજય સેવક દવારા લેખીત ફરીયાદ દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી કોર્ટે આ ગુનાઓનુ સંજ્ઞાન લઈ શકે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, પ્રસ્તુત કેસમા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવેલ છે, ફરીયાદ વંચાણે લેતા આરોપીએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનાઓએ પ્રસીધ્ધ કરેલ જાહેરનામાનો ભંગ કરેલાનુ જણાવેલ છે પરંતુ હાલના કેસમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૧૫ વંચાણે લેતા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી કે તેઓના નીચેના વહીવટી અધીકારી ધ્વારા કોર્ટમાં લેખીત ફરીયાદ દાખલ કરવામા આવેલ નથી અને આ કામે ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ જાહેરનામામાં ફરીયાદ કરવાની સતા પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવતા તમામ અધિકારીઓને આપવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને તે મુજબ પો.સ્ટે.ના પોલીસ કર્મચારી દવારા હાલની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. રૂબરૂ આપવામાં આવેલ છે પરતું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૧૫ મુજબની અદાલતમાં ફરીયાદ કરવામાં આવેલ નથી. આવી ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપવા બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ દવારા દોલતરામ વિ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર ૧૯૬૨ એસ.સી પેજ નં–૧૨૦૬ માં ઠરાવેલ છે કે મેજીસ્ટ્રેટ ધ્વારા પોલીસ રીપોર્ટ ઉપર લેવામા આવેલ સંજ્ઞાનમા આરોપી તકસીરવાન ઠરાવવામા આવેલ હોય અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૧૫ નો બાધ લાગુ પડતો હોય તો આવી સજા મેજીસ્ટ્રેટની હકુમત વિના ગણાય અને કાર્યવાહી પ્રથમથી રદ (Void–ab initio) ગણાય, તેવી જ રીતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા રામજી ભીખા કોલી વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૯ સી.આર.એલ.જે ૧૨૪૪ તેમજ સાહીદખાન વાહીદખાન પઠાણ વિ.સ્ટેટ ઓફ ગુજરાત (ક્રીમીનલ મીસી.એપ્લી.નં.૧૭૪૭૩/૨૦૨૦) તા.૧૪/૬/૨૦૨૧ ના ચુકાદામા ઠરાવેલ છે કે, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૧૫ માં જણાવેલ ગુનાઓમાં લેખીત કોર્ટ રુબરુ ફરીયાદ કરવી ફરજીયાત છે, તેવા સંજોગોમાં પોલીસ દવારા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબના ગુન્હામાં ફરીયાદ અદાલતમાં નહી કરી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી તપાસ કરી ચાર્જશીટ કરેલ

છે તે નિયમાનુસાર ન ગણાય અને તેવા સંજોગોમાં આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબના ગુન્હામાં ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકાય નહી કે કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી.

(૩) આમ ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામે કાયદાનો બાધ નડતો હોવાથી કોગ્નીઝન્સ લઇ શકાય નહી અને જો કોર્ટ કોગ્નીઝન્સ લઈને કેસ ચલાવી આરોપીને કસુરવાન કે નીર્દોષ ઠરાવે તે કાયદા મુજબ યોગ્ય નથી, આમ આરોપીનો કેસ ચલાવી શકાય નહી જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

- હાલના કેસના ગુણદોષમાં ઉતર્યા વગર હાલના કેસની કાર્યવાહી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૮૧ હેઠળ સ્થગીત કરી આરોપીને બીનતહોમત છોડી ફેંસલ કરવામાં આવે છે.

- સરકારશ્રીને / પોલીસ ખાતાને હાલની ફરીયાદ બાબતે યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી કરી નિયમાનુસાર ફરીયાદ કરવા માટે સદર હુકમથી કોઇ બાધ આવશે નહી.

- સદર કામે જો કોઇ મુદામાલ કબજે કરવામા આવેલ હોય અને તે બાબતે જો કોઇ વચગાળાનો હુકમ થયો હોય તો તે કાયમ કરવામા આવે છે. જો મુદામાલ બાબતે કોઇ હુકમ થયેલ ન હોય તો મુદામાલના માલીકની તપાસ કરી મુદામાલ તેના માલીકને સોંપવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજની તા.૧૪/૦૯/૨૦૨૪ ની સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**DATE :14-09-2024**
**PLACE: RAJKOT**

**(SHEETAL VENKATESON MUDALIAR)**
**16th ADDL CHIEF JUDICIAL MAGISTRATE**
**RAJKOT.**
**CODE NO.GJ01217**